તા. ૧૭/૧૦/૧૧ સંદેશ

# પાંચ હજાર હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઇ પદ્ધતિ કાર્યરત : કલેક્ટર



## ■ તાપી જિલ્લાનો જળ વ્યવસ્થાપન સેમિનાર તથા કૃષિના ઋષિઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

વ્યારા, તા. ૧૬

તાપી જિલ્લામાં ઉકાઇ ડેમ આવેલો હોવા છતાં તેનો મહદ્અંશે જ લાભ સ્થાનિક કક્ષાએ મળે છે, પરંતુ ઉપલબ્ધ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુથી ટપક પદ્ધતિ ખેડૂતોએ અપનાવવી ખૂબ જરૂરી હોય તાપી જિલ્લાના પાંચ હજાર હેક્ટરમાં કાર્યરત પદ્ધતિનો વિસ્તાર વધારવાનું આહ્વાન ખેડૂતોને જિલ્લા કલેક્ટરે જળ વ્યવસ્થાપન સેમિનાર તથા કૃષિના ઋષિઓનો સન્માન કાર્યક્રમમાં કર્યું હતું.

તાપી જિલ્લા કલેક્ટરની સૂચનાથી ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, આત્મા પ્રોજેક્ટ, ખેડૂત તાલીમ કેન્દ્ર અને બાગાયત ખાતા દ્વારા ૧૨મીના રોજ કેવિકેના પટાંગણમાં જળ વ્યવસ્થાપન સેમિનાર તથા કૃષિના ઋષિઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ૪૦૦ ખેડૂતો કે જેઓએ ટપક પિયત પદ્ધતિ અપનાવી કૃષિક્ષેત્રે ઉત્થાન કરી રહ્યા છે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કલેક્ટર આર.જે. પટેલે જણાવ્યું હતું કે ખેડૂતોના સહિયારા પ્રયાસ દ્વારા જિલ્લામાં ટપક પદ્ધતિ હેઠળનો વિસ્તાર વધારી તેમજ પાક ઉત્પાદનમાં વધારો કરી પ્રથમ ક્રમે લાવવાનાં પ્રયત્ન માટે હાકલ કરી હતી.

જી.જી.આર.સી.ના પંડ્યાએ ટપક પિયત પદ્ધતિની વિવિધ યોજનાઓ તથા સબસીડી વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એમ.કે.એરવાડિયાએ જણાવ્યું કે, ટપક પિયત પદ્ધતિ થકી જ પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરી શકાય છે. બનાસકાંઠાના પ્રગતિશીલ ખેડૂત પરથીભાઇ ચૌધરીએ અપનાવેલી નિંદામણ નિયંત્રણ કરવાની પદ્ધતિને તેઓએ બિરદાવી હતી.

બનાસકાંઠાના ખેડૂત પરથીભાઇ ચૌધરીનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તેઓએ જણાવ્યું કે, ટપક પદ્ધતિ સાથે ખેતીમાં આયોજન ખૂબ જ જરૂરી છે. બટાટા પાકમાં ટપક પદ્ધતિ દ્વારા હેક્ટરે ૮૭ ટન જેટલું ઉત્પાદન મેળવેલ હતું. તેમણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો વતી તાપી જિલ્લાના કલેક્ટર આર.જે. પટેલને પ્રશસ્તિગાન મેડલનું સ્વરૂપ આપી બહુમાન કર્યું હતું.